**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૩ ટકા

# ફરી એકવાર "સાબરમતી કોલિંગ" અંતર્ગત યુવાનોનું સ્વચ્છતા અભિયાન

## આ વખતે નદીના પટમાંથી છ કોથળાં ભરીને પ્લાસ્ટિક એકત્ર કર્યું





ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં કેટલાંક જાગૃત યુવાનોના "સદગમય" ગૃપ દ્વારા ફરી એકવાર આજે સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ગૃપના યુવાનોએ શાહપુર બ્રિજ નીચેથી આ વખતે ગત વખત કરતાં બે વધુ એટલે કે કુલ ૬ કોથળાં ભરીને પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર કર્યો હતો. આ કાર્યમાં ગૃપના જીગ્નેશ પટેલ, ધ્રુવ ગોસાઈ, દેવભાઈ, નૃપેનભાઈ, ચિંતનભાઈ, અભીષેક બારડ, સુભરજભાઈ અને રશ્મિબેન મુનશી જોડાયાં હતાં. કચરો એકત્ર કર્યા બાદ યુવાનોએ મહાનગરપાલિકાના વેસ્ટ કલેક્શન વિભાગને જાણ કરી હતી જેને તંત્રએ પણ સારો પ્રતિસાદ આપવા સાથે યુવાનોએ એકત્ર કરેલો કચરો લેવા માટે તુરંત જ વેસ્ટ કલેકશન વાન મોકલી દીધી હતી જેને યુવાનોએ એકત્રિત કચરો સુપરત કર્યો હતો. આ ગૃપના સભ્યોને હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી ચકલીઘર આપીને બિરદાવવામાં આવ્યાં હતા. સદગમય ગૃપ દ્વારા આ પ્રવૃત્તિને નિયમિત ધોરણે ચલાવવાનો અને તેમાં શહેરના વધુને વધુ પ્રકૃતિ પ્રત્યે જાગૃત નાગરિકોને જોડવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ ગૃપની આગામી સ્વચ્છતા અભિયાન પ્રવૃત્તિમાં જોડાવા માટે યુવાનોએ જાગૃત શહેરીજનોને મો.નં. ૭૬૦૦૦૦૨૧૭૪ ઉપર સંપર્ક સાધવા જણાવ્યું છે.

## જુસિકા દ્વારા ચક્ષુદાન સ્વીકારાયું

ગાંધીનગર, તા. ૧૫

તા. ૧૧-૪-૨૩ના રોજ પ્લોટ નં. ૫૧૦/૨, સેક્ટર-૨૩, ગાંધીનગર નિવાસી જશોદાબેન રસિકભાઈ સુથારનું અવસાન થતા તેમના કુટુંબીજનોની સંમતીથી ચક્ષુદાન લેવામાં આવ્યું હતું. તા. ૧૨-૪-૨૩ના રોજ બ્લોક નં. બી-૧૦૨, શુકન સ્કાય, કુડાસણ, ગાંધીનગર, નિવાસી સુર્યાબેન કે. સેઠનું અવસાન થતા તેમના કુટુંબીજનોની સંમતીથી યક્ષુદાન લેવામાં આવ્યું હતું.

તા. ૧૩-૪-૨૩ના રોજ પ્લોટ નં. ૧૧૧૧, સે. ૨૭, ગાંધીનગર નિવાસી ગંગાબેન ખીમજીભાઈ રહેવરનું અવસાન થતા તેમના કુટુંબીજનોની સંમતીથી ચક્ષુદાન લેવામાં આવ્યું હતું. તા. ૧૪-૪-૨૩ના રોજ અમદાવાદ નિવાસી સંજયકુમાર ઠાકરનું અવસાન થતા તેમના કુટુંબીજનોની સંમતિથી સ્વર્ગર્થનુ ચક્ષુદાન લેવામાં આવ્યુ હતુ. આ સદકાર્યમાં ડૉ. વિશાલ, ડૉ. નિખિલેશ દ્વારા તબીબી સેવા પૂરી પાડવામાં આવી હતી. સંસ્થાના કાર્યકર શુભમ શાહ, રાજુ વાઘેલા, સંજયસિંહ વાઘેલા અને ગુલામભાઈ દ્વારા સેવા આપવામાં આવી હતી.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા રાયસણ ખાતે આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી માતાજીના ભજન કીર્તન નો લાભ લીધો હતો.



ગાંધીનગર નજીક અને સાબરમતી નદીના સાનિધ્યમાં આવેલ પૌરાણિક ધોળેશ્વર મહાદેવ ને ફૂલોનો સુંદર શણગાર કરવામાં આવ્યો હતો ભક્તો પણ સુંદર શૃંગારના દર્શન કરી ભવ્યતા અનુભવતા હોવાનું મનહરસિંહ વાઘેલા એ જણાવ્યું હતું.



દેવસ્ય સુપરસ્પેશિયાલિટી કિડની હોસ્પિટલ ગાંધીનગર બ્રાન્ચના શુભારંભે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાએ કુડાસણ ખાતે હાજરી આપી હતી. આ અવસરે મેયરે જણાવ્યું હતું કે અદ્યતન ટેકનોલોજીથી સજ્જ આ હોસ્પિટલમાં લોકોને તમામ સુવિધાઓયુક્ત સારવાર મળી રહેશે.

આ વેળાએ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, તારક મહેતા ફેમ જેઠાલાલ (દિલીપભાઈ જોશી) હોસ્પિટલનો સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે સ્ટેટ મોડેલ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા નિદાન અને સારવાર કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૧૬

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામકશ્રી, આયુષ નાં માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે સ્ટેટ મોડેલ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. રાકેશ ભટ્ટ, ડો.અમિત પટેલ, ડો. ચેતન પ્રજાપતિ, ડો. સીમા પોલરા, ડો. દીશા પટેલ દ્વારા ૧૧૨૨ દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. જેમાં આયુર્વેદનાં લાભાર્થી ૫૦૬, હોમિયોપેથીનાં લાભાર્થી ૧૨૬, ઉકાળા અને સમશની વતી લાભાર્થી ૪૯૦, આમ કુલ ૧૧૨૨ લાભાર્થીઓ દ્વારા આ કેમ્પ નો લાભ લેવામાં આવ્યો હતો. આ કેમ્પ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બીમલભાઈ, ગોરભાઈ, ડો મહેતાભાઈ, પ્રિયંકાબેન અને દિપકભાઈની જહેમતથી સફળ રહ્યો હતો.

## જન્મદિને વધામણી



જી પી. પટેલ
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



રમેશભાઈ એચ. પાઠક
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



ક્રિષ્ન ભાવિક રાવલ



એમ.જી.ચૌહાણ
પૂર્વ ઉપપ્રમુખ
સંત રોહીદાસ સેવા સમાજ
મો. ૯૪૨૮૦ ૪૯૫૬૦



તુષાર આર.ચૌહાણ
મો. ૭૩૮૩૦૨૫૫૦૯

# પ્રકૃતિ પાર્ક અને સમસ્યાઓથી ઘેરાયેલું પાટનગરનું ઈન્દ્રોડા ગામ

## સૌથી મોટી સમસ્યાઓમાં પાણી અને પ્રોપર્ટી કાર્ડનો પ્રશ્ન : આ સાથે બિસ્માર માર્ગો, જાહેર સાફસફાઇનો અભાવ, ઉભરાતી ગટરો અને "જ" રોડ પર વધતાં અકસ્માતો : કોતરોના ધોવાણથી વધતું જોખમ સાથે શહેરની સુવિધાઓથી વંચિત રહ્યું છે ગામ










ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરને પાટનગર તરીકે વિકસાવવામાં જે ગામોને સમાવી લેવામાં આવ્યાં છે તે ગામો પૈકીના ઈન્દ્રોડા ગામની સમસ્યાઓ અંગે વાત કરતાં પહેલાં તે ગામ અંગે કેટલીક બાબતો જોઈએ. ઈન્દ્ર રાજાનો પૌરાણિક કિલ્લો અને ઈન્દ્રાણી માતાનું પ્રાચીન મંદિર જ્યાં દિવાળી પર ઈન્દ્રાણી માતાના મંદિરે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગરબે રમવા એકઠાં થાય છે. ઈન્દ્રોડા ગામની પૂર્વ દિશામાં સાબરમતી નદી છે, ઉત્તરમાં "જ" રોડ તરફ સેક્ટર-૧નો ભાગ આવે છે તો પશ્ચિમ અને દક્ષિણ દિશામાં ગામ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના હરણોદ્યાનથી ઘેરાયેલું છે. વળી, સંત સરોવર અને સેક્ટર-૧નું તળાવ પણ આ ગામના પાડોશી છે. આમ પ્રકૃતિ અને પાર્કથી ઘેરાયેલાં ઈન્દ્રોડા ગામના ખેડૂતોએ પોતાની મહામૂલી જમીન પાટનગર નિર્માણમાં આપી પરંતુ તેની સામે મળવાપાત્ર લાભો હજુ મળ્યાં નથી તેવો અસરગ્રસ્ત ગ્રામજનોને વસવસો છે.



**મારો વિસ્તાર મારી સમસ્યા**
**સમીર રામી**

ઈન્દ્રોડા ગામના પ્રશ્નો અંગે તા.૩૦-૧૨-૨૦૨૧ના રોજ ઈન્દ્રાણી માતાના મંદિરે જાહેરમાં શહેરના મેયરને લેખિત રજુઆત કરાઈ હતી અને તેમણે તમામ પ્રશ્નોને ઝડપથી ઉકેલવાની હૈયાધારણ આપીહતી તેમ છતાં તેમાંથી એકપણ પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી. આ રજુઆતમાં જે પ્રશ્નો રજુ કરાયાં હતા તેમાં ઈન્દ્રોડા ગામની તમામ ખેતીની જમીન ૧૯૬૫માં સંપૂર્ણ સંપાદન કરવામાં આવેલ આ ગામ અસરગ્રસ્ત છે. ગાંધીનગર શહેરમાં સમાવેશ કરીને ગ્રામ પંચાયત નાબુદ કરેલ હોઈ છેલ્લા ૫૦ વર્ષ ઉપરાંતથી સરકારની વિવિધ યોજના જેવીકે હુડકો, ઈન્દિરા આવાસ, મુખ્ય મંત્રી આવાસ, પ્રધાન મંત્રી આવાસ યોજનાનો લાભ મળી શક્યો નથી. ૧૯૬૫માં ગામની વસ્તી ૧૧૦૫ હતી આજે ૬ હજારથી વધુ જેટલી વસ્તી થઈ છે. વસ્તી વધી એટલે આવાસ માટે સરકારમાં રજુઆત કરેલી છે. વળી, ૧૯૭૧થી ઈન્દ્રોડા ગામ ગાંધીનગર શહેરમાં સામેલ હોવા છતાં ગામમાં નથી કોઈ લગ્નવાડી બનાવાઈ કે નથી કોઈ બગીચો બનાવાયો નથી સિનિયર સિટીઝન પાર્ક કે ગામના બાળકો-યુવાનો માટે રમતગમતનું મેદાન પણ બનાવાયું નથી. જ્યારે ડેપ્યુટી મેયરપદે નાજાભાઈ ઘાંઘર હતા ત્યારે તેમણે ગામમાં એક પ્રસંગ દરમિયાન જાહેરમાં કોમ્યુનિટી હોલ બનાવવાની જાહેરાત કરી હતી પરંતુ આજ દિન સુધી તે કાર્ય શરૂ થયું નથી. ગામમાં મુખ્ય માર્ગને બનાવે આશરે ૪૦ વર્ષથી વધુનો સમય થઈ ગયો છે આ રોડ ઉપર ઘણા ખાડા પડી ગયા છે, પાણીની પાઈપલાઈન પણ અંદાજે એટલા જ વર્ષ જૂની છે જેને પણ બદલવી જરૂરી છે અને નવી પાણીની પાઈપલાઈન નાખવાની જરૂર છે.

"ગામમાં પાણીની સૌથી મોટી સમસ્યા છે. ગ્રામજનોને પૂરતા ફોર્સ થી પાણી તો મળતું જ નથી પરંતુ ગામમાં પશુપાલકોનો પણ વસવાટ હોવાથી સ્વાભાવિક રીતે પાણીની જરૂરિયાત વધુ રહે છે તેની સામે અધિકારીઓ પોતાની મનમાની ચલાવીને પાણીનો સપ્લાય ખૂબ ઓછો આપે છે જો આ સમસ્યા ઝડપથી નહીં ઉકેલાય તો આગામી દિવસોમાં ગ્રામજનો સાથે મોટી સંખ્યામાં કલેકટર કચેરીએ જઈને માટલા ફોડવાનો કાર્યક્રમ હાથ ધરીશું પ્રોપર્ટી કાર્ડના મુદ્દે અસગ્રસ્ત મંડળો લડત આપી આપીને થાકી ગયા, વિધાનસભાની ચૂંટણી દરમિયાન વર્તમાન ધારાસભ્ય રીટાબેન પટેલે આ સમસ્યા સત્તામાં આવતા તુરંત જ ઉકેલવાનું જાહેરમાં વચન આપ્યું હતું કેમ છતાં આજદિન સુધી તે સમસ્યા ઉકેલાઈ નથી અને પ્રોપર્ટી કાર્ડ વિહોણા ગ્રામજનોને અત્યારે નવા વીજ કનેક્શન પણ મળતાં નથી. ઈન્દ્રોડા ધોળાકુવા અને શાહપુર ત્રણ ગામના ગ્રામજનોની આસ્થા જોગણી માતાના મંદિરમાં છે તે જોગણીમાતાનું મંદિર ગીર ફાઉન્ડેશનની હદમાં સમાવાઈ લેવાયું છે પરંતુ તેનો અવરજવરનો રસ્તો રખાયો હતો ત્યાં શ્રદ્ધાળુઓને વારંવાર ગીર ફાઉન્ડેશનના અધિકારીઓની રોકટોક રહે છે અને શ્રદ્ધાળુઓ દ્વારા મંદિરે જે શેડ બનાવ્યો હતો તેને પણ તોડી નાખીને ત્રણેય ગામના શ્રદ્ધાળુઓની આસ્થાને ઠેસ પહોંચાડી છે."

- હસમુખ મકવાણા 'લાલભાઈ'
પૂર્વ કોર્પોરેટર અને ગામના અગ્રણી

"સરકારે જેમ નર્મદા યોજનામાં જે ખેડૂતોની જમીન સંપાદિત થઈ હોય કે ના હોય તે તમામ અસરગ્રસ્ત ગામોના ગ્રામજનોને પાંચ એકર જમીન અને ૫૦૦મીટરના રહેણાંક પ્લોટ વિનામૂલ્ય ફાળવ્યાં તે અનુસાર ઈન્દ્રોડા ગામના જે ખેડૂતોની જમીન પાટનગર નિર્માણમાં સંપાદિત કરાઈ છે તે સિવાય અન્ય ગ્રામજનોને પણ નર્મદા યોજનાના આધારે મળવાપાત્ર લાભો મળવા જોઈએ પરંતુ પાટનગર યોજનાના અસરગ્રસ્તો માટે આ ધારાધોરણ અપનાવાયું નથી. ગાંધીનગરમાં રાજ્યભરમાંથી અને બહારથી પરપ્રાંતિઓએ આવીને પોતાની કોઈ જમીન પણ આપી નથી ઉપરથી શહેરમાં દબાણો કરી ઝૂંપડા બાંધ્યા તેમ છતાં તેમને સરકારે ગોકુળપુરા-કોલવડા જેવી વસાહતોમાં સાવ નજીવા દરે મકાનો પૂરા પાડ્યાં જ્યારે ઈન્દ્રોડા ગામના ખેડૂતોએ તો પોતાની મહામૂલી જમીનો આપી હોવા છતાં હક્કોથી વંચિત રખાયા છે."

- ભરતસિંહ બિહોલા
ગામના અગ્રણી તથા ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મંડળના પ્રમુખ

ઈન્દ્રોડા ગામની બાજુમાં છેલ્લા ૫૦ વર્ષ જેટલા સમયથી વચલોવાસ, ટીંબાવાસ, બાહ્મણીયાવાસ, વણઝારાવાસના લોકોએ કાચા-પાકાં મકાનો બનાવ્યાં છે, જેમાં લાઈટ, પાણી, ગટર, ગેસ, રોડ- રસ્તા અને સ્ટ્રીટ લાઈટની સુવિધા છે. આ મહોલ્લાવાળાઓના મળીને ૧૭૫ જેટલાં મકાનોછે જે પ્રોપર્ટી કાર્ડ વિહોણા છે જેમને નિયમિત કરી આપવા સરકારમાં ૨૦૧૮થી આધાર પુરાવાઓ સાથે રજુઆત કરી છે. ગામમાં બે પીવા માટે પાણીના બોર બનાવવામાં આવેલ છે, બે ટાંકીઓ છે, એક સંપ બનાવવામાં આવેલ છે તેમ છતાં પૂરા ફોર્સથી પાણી મળતુ નથી. ફરજિયાત ઈલેક્ટ્રિક મોટરથી પાણી ખેંચવું પડે છે જેથી ગ્રામજનોને વીજખર્ચનો પણ ભારે બોજ વેઠવાનો વારો આવે છે. ગામમાં દરેક મહોલ્લામાં કચરાના ઢગલા થાય છે જેને લીધે કચરો રોડ ઉપર આવે છે ગંદકીથી ચોમાસામાં રોગચાળો ફેલાય છે. પીવાના પાણીની ટાંકીઓ અને સંપને નિયમીત સાફ સફાઈ થવી જોઈએ. ઈન્દ્રોડા ગામમાં રોડ રસ્તા સાવ બિસ્માર હાલતમાં છે ગામમાં જાહેર સાફ સફાઈ નો ખુબ અભાવ છે ચોમાસામાં ગામમાં ગટરો ઉભરાવાની સમસ્યા સર્જાય છે અને તેને ઉલેચવા જે પંપીંગ સ્ટેશન બનાવ્યું છે તે પણ સ્થાનિક અગ્રણીઓની સલાહની અવગણના કરીને ખોટો સર્વે કરીને ખોટી જગ્યાએ બનાવાય છે જેના કારણે તેનો લાભ યોગ્ય રીતે મળતો નથી અને જ્યારે પણ પંપ બગડે છે ત્યારે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા થતી નથી જેથી કફોડી સ્થિતિનું નિર્માણ થાય છે સ્ટ્રીટ લાઈટ બાબતમાં પણ વિવિધ એજન્સીઓ એકબીજાને ખો આપીને સમસ્યા ઉકેલવામાં દિવસોના દિવસો લગાડી દે છે. ગામમાં ઓછું ભણેલા અને જરૂરિયાત મંદ વર્ગના ગ્રામજનો છે જેઓ લારીગલ્લાં કરીને ગુજરાત ચલાવે છે તેમના માટે શહેરમાં અથવા ઈન્દ્રોડા ગામમાં માઈક્રો શોપિંગ સેન્ટર બનાવાય તેમાં અગ્રતાક્રમ આપવો જોઈએ.

"ઈન્દ્રોડા ગામે પ્રવેશવાના માર્ગ પાસે "જ" રોડ પર ચાર રસ્તા પડે છે ત્યાં બમ્પ, બેરીકેટ અથવા સર્કલ બનાવવાની જરૂર છે. આ જગ્યાએ ૧૦૮ના આંકડા જોતાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૦ થી ૨૫ જેટલા અસ્માત થયાં છે જેમાં ૧૦થી વધારે વ્યકિતઓએ જીવ ગુમાવ્યાં છે. "જ" રોડ પર ઈન્દ્રોડા ગામના પાટીયા પાસે સર્કલ બનાવી બમ્પ અથવા બેરીકેટ્સ મુકવાની જરૂર છે જેથી જીવલેણ અકસ્માતોને નિવારી શકાય. રોહિતવાસ, વાણિયાવાસ, રબારીવાસ અને રાવળવાસ જે સાબરમતી નદીના કિનારે આવેલાં છે. વરસાદના પાણીથી ધોવાણ થતાં આ ચાર મહોલ્લાના મકાનો પડી જાય તેવા છે તેને બચાવવા ધોરા(પાળા) બાંધવાની જરૂર છે."

- બી.એલ.ઠાકોર
ગામના અગ્રણી તથા ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મંડળના મહામંત્રી

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com